## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝબાને મુબારકના મોતી

### " અલ-વલદો મબ્ખલતુન મજબનતુન મજહલતુન "

**તરજુમો : "ઔલાદ ઇન્સાનને વાસ્તે કંજુસી, બુઝદિલી અને જિહાલતનો સબબ બને છે."**

તશ્રીહ : ઔલાદના સબબ વાલદૈનને એની તાઅલીમો પરવરિશ અને જિસ્માની-દુનિયાવી તકાઝાઓ તમામ કરવા પડે છે જેના સબબ ઈન્સાન ખર્ચાઓ અને ઈસ્રાફાત કરતો હોય જેનાથી એની તબીઅત અને વહેવારમાં થોડા હદ તક કંજુસાઈ અને બખીલી આવી જાય છે. ઔલાદના નાઝ-નખરા એને એના મિઝાજ અને મરઝીને ખિલાફ પોતાની અખ્લાકી અને સમાજી ફર્ઝ સમઝીને પૂરા કરવા પડે છે તેથી એની તબીઅત અને જેબિલ્લતમાં બુઝદિલી અને એક ખૌફ લાબયાન આવી જાય છે.

અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છે કે, માલ અને ઔલાદ ઈન્સાન વાસ્તે ફિત્ના મુજબ છે. યહાઁ ફિત્નાનો મતલબ એક તરહની બેબસી અને બેકસીનો છે. સબબ એ છે કે, જે વક્ત એને ઔલાદ નથી હોતી તો ઔલાદનો મુતાલેબો કરે છે, કેમ કે એને પોતાના વારિસદારની ઝરૂરત હોય છે. અને જે વક્ત એ ઔલાદવાલો થાય છે અને તે નૈકસીરત હોય છે તો તેની આઁખની ઠંડક બને છે અને એ અલ્લાહનો શુક્રીયો અદા કરે છે. અગર તે શરીર, બદતીનત અને બેઅદબ ઉઠે છે તો અલ્લાહની બારગાહમાં એની ઔલાદની ખૈરખ્વાહી વાસ્તે દોઆ અને પોતાની બદકિસ્મતી વાસ્તે શિકાયત કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હાઝરીમાં મસ્જિદમાં તેમજ અસ્હાબને દરમિયાન મૌ.ઈમામ હસન (અ.સ.) અને મૌ.ઈમામ હુસૈન (અ.સ.) લહવો લઅબ કરતા જે મરતબએ રિસાલતને શાયાને શાન ન્હોતું. પણ રસૂલુલ્લાહ બાવાજી આપ શાહઝાદાઓના મરતબાની બલંદીને મદ્દેનઝર રાખીને શફકત કરીને હાઝરીનને ફરમાવતા કે, **"જેને અલ્લાહ વહદહુ લાશરીક નૈક તૌફીક આપે છે તેના પર જ રહેમો કરમ કરે છે; અને આ મારા બેવે નવાસાઓ જન્નતના રયહાન છે."** આપ (સ.અ.વ.વ.) હર વક્ત ફરમાવતા કે, "ઔલાદની કિલ્લત એક સહેલાઈનો સબબ છે અને સાહબે કસ્રતે ઔલાદ પર અલ્લાહતઆલા ઈનાયતો નવાઝિશ કરીને રિઝકના સામાન મોહય્યા કરે છે." ઔલાદને સબબ ઈન્સાનની જિહાલતનો પહેલૂ એ તરહથી ઝાહિર થાય છે કે, કોઈ વક્ત તે પોતાની ઔલાદને હદથી ઝિયાદહ પ્યાર અને શફકત તેમજ તમામ નાની-મોટી, જાઈઝ-નાજાઈઝ ફરમાઈશોને પૂરી કરવાની પૈરવીમાં મુલવ્વસ રહેવાના સબબ તેની હસ્બે માઅમૂલ ઝિંદગીના ઊમૂરને ભુલાવી દે છે અને ખુદના ફરાઈઝથી ગાફિલ અને બેખબર બની જાય છે. હરએક ચીઝની હદ હોય છે અને પોતાની ઔલાદના મુતાલેબાતને કયા હદ તક પૂરા કરવા એ સમઝવું પણ વાલેદૈન વાસ્તે ઝરૂરી બને છે. આમદની કરતા ઔલાદના શૌક અને માંગણીઓ જો એક હદને તજાવુઝ કરી જાય તો તે વાલેદૈન વાસ્તે તકલીફ અને માલી મુશ્કિલાત તેમજ ઔલાદ વાસ્તે શયતાની આદતોના શિકારનો બાઈસ (સબબ) બને છે. ★

### " અલ-બિઝાઓ મિનલ જફા "

**તરજુમો : "ફહેશ-કલામી એક તરહનો ઝુલ્મ (જફા) છે."**

તશ્રીહ : ઈન્સાનની ઝબાન, તેના દિલના હાલાત અને દિમાગના ફિક્રો ખયાલની તરજુમાની કરે છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "ઈન્સાન પોતાની ઝબાનના નીચે છુપાયેલો છે." યાઅની દિલની વાત ચેહરા પર ઝાહિર થાય છે; ચેહરાની તરજુમાની કલામ બોલવાથી થાય છે અને ઝબાનથી નીકલેલા અલ્ફાઝ ઈન્સાનની લિયાકત અને શરાફત યા ખબાસત અને નજાસતની મિકયાસ અને માપણી છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**કૂલૂ કૌલન હસના**", યાઅની બેહતર કલામ બોલો; "**કૂલૂ કૌલન સદીદા**", નરમ કલામ બોલો; "**લા તકુલ કૌલન કસીરા**", તું હદથી ઝિયાદહ કલામ ન બોલ. ઈરશાદે ઈલાહી એમ પણ છે કે, ઉમદા અને સલીસ-સાદા કલામ એ સાચા કલામ કરતા અફઝલ છે કે જેના કહ્યા બાદ સાંભલનારને ઈઝા પહોંચતી હોય. ઈન્સાનની સલામતી અને અમાન ઝબાનની હિફાઝતના જૌહરમાં રહેલી છે.

ઈન્સાનને પોતાના હર દીની-દુનિયાવી મોઆમલામાં ઝબાન જે તરહ ફાયદો આપે છે અને ઈન્સાનને પોતાના ખયાલાત ઈઝહાર કરવામાં રાહત બખ્શે છે; એ જ મુજબ તે આફત ને પણ તેડું-દાઅવત આપે છે. દાઅવતે હાદીયાહની તહઝીબો અદબની કિતાબોમાં ઝબાનની ૨૭ આફતો બયાન થયેલી છે, એમાં હલકામાં હલકી આફત ઈન્સાનને બુરા નામોથી પુકારવાની અને મોટામાં મોટી આફત જૂઠી શાહેદી દેવાની છે. **ઝબાનમાં હાડકું હોતું નથી તે સબબ તે કોઇ પણ બાઝુ બજા યા બેજા, રવાઁ યા નારવાઁ, શીરીં યા તલ્ખ તેમજ નૈક યા બદ વાતો કરી નાખે છે.**

એક વક્ત ઈમામ હુસૈન (અ.સ.) મદીનાની એક ગલીમાંથી અસ્હાબ સાથે ગુઝરી રહ્યા હતા. તે હંગામમાં એક શખ્સ આપને મુકાબિલ આવો અને બદકલામી કરવા લાગો. ઝોર-ઝોરથી ગમે એવા અલ્ફાઝ બોલીને ઈમામ આલી મકામની બેઈઝઝતી કરવા લાગો. આ બદતમીઝી જોઈને અસ્હાબોએ એ શખ્સને પકડો અને એને મારવાની તૈયારીમાં જ હતા કે, ઈમામએ તમામને રોકી લીધા અને એને એના હાલ પર છોડી મુકવાનું ફરમાવું. અસ્હાબોએ આપ મૌલાની હલીમી-કરીમીની કદ્ર કરીને એને જાવા દીધો. થોડા અય્યામ બાદ આપ મૌલાએ અસ્હાબોને ફરમાવું કે, તમેં બાઝારમાં જાવ અને આટલી-આટલી ચીઝો ખરીદ કરીને મારે નઝદીક પૈશ કરો. ફરમાને ઈમામી મુતાબિક એ ચીઝો ફૌરન લાવવામાં આવી અને એક મોટા થાલમાં મુકવામાં આવી અને તે થાલને ખૂબ સજાવવામાં આવું. પછી આપ મૌલાએ ફરમાવું કે, **હવે ચાલો, તે ગાલી બોલનાર શખ્સના ઘર પર જઇએ અને તેની ઝબાનને તલવારથી કાપી નાખીએ.**

તમામ બેસાખ્તા તૈયાર થઈ ગયા, જોશમાં આવી ગયા કેમકે તે શખ્સે કરેલી ઈમામની બેઈઝઝતી તમામની નઝરમાં તાઝા હતી અને ચાહતા હતા કે ક્યારે તેનો ઈન્તેકામ-કિસાસ લેવામાં આવે. તે સજાવેલા થાલ સાથે જેમાં ઘણા નાદિર હદીયાઓ હતા, ઈમામ અને અસ્હાબો તે શખ્સના ઘરની દેહલીઝ પર ઊભા રહ્યા. દસ્તક આપી તો તે શખ્સના બૈરો બાહિજાબ બાહર આવા. આ બૈરો આપ મૌલાના મોહિબ્બે સાદિક હતા. તે શખ્સ બીજા રૂમમાં બેસો હતો અને કહ્યું કે, અય બૈરો, મેહમાનને બેસાડો અને કરામત બખ્શો. પણ તે શખ્સને ખબર ન હતી કે ખુદ ઈમામ પધારેલા છે. તે શખ્સ બાહર આવો અને જોયું તો ઈમામ હુસૈન (અ.સ.) અસ્હાબો સાથે બેસેલા હતા. આપ મૌલાના ચેહરા મુબારકના રોઅબો જલાલથી તે અંજાઈ ગયો, ગભરાઈ ગયો, બોલે તો શું બોલે ! તેની ઝબાન બંધ થઈ ગઈ, તેને કઈ સમઝ પડે તે પહેલા તો ઈમામ ખુદ થાલ લઈને તે શખ્સને નઝદીક ગયા અને હદીયા-તોહફા ના તૌર પર એ તમામ ચીઝ પૈશ કીધી.

જેટલા હાઝેરીન હતા તમામ પરેશાન હાલ થઈ ગયા અને કહેવા લાગા કે, અય મૌલા ! આપ તો આ શખ્સની ઝબાન કાપવાનું કહેતા હતા. મગર આ શું ચીઝ હમેં જોઈ રહ્યા છીએ ? તે શખ્સ ઈમામ (અ.સ.) ના કદમમાં પડી ગયો, રોવા લાગો અને માફીની ઈલ્તેજા કરવા લાગો. આપ મૌલાએ ફરમાવું કે, **"અય અસ્હાબો, હમારી હલીમી-કરીમી, શીરીં ઝબાની, રહેમ દીલી જ એક એવી ભારી તલવાર છે જેના વાર અને ઝરબતથી મુનાફિકના નિફાકનું કત્લ થાય છે અને તેના દિલમાં ઇમાનની નવી ઝિંદગીની ઇબ્તેદા થાય છે."** આપ મૌલાએ તે શખ્સની ખતા અને બેઅદબીને હદીયા-તોહફા પૈશ કરીને બખ્શી દીધી, તેને ઈકરામ-ઈઝઝત બખ્શીને માફ કીધો અને એવી તો અસર તેના દિલમાં થઈ કે તે નારી માંથી નૂરી બની ગયો; જહન્નમી માંથી જન્નતી બની ગયો; મુન્કિર માંથી મુમિન બની ગયો.

આ વાકેઆથી હમને એ જ સબક મીલે છે કે, કોઈ અગર તમારા હક્કમાં બદકલામી કરે તો તેને કરામત બખ્શીને રહેમદીલીની તલવારથી તેની ઝબાન કાપી નાખો. ઝબાન બીગાડનાર સાથે પોતે ઝબાન બીગાડવી એક મોટી ખતા છે. ★

### " અલ-કુરઆનો હોવદ્દોઆ વદ્દોઆઓ હોવલ ઈબાદહ "

**તરજુમો : "કુરઆને કરીમ એક દોઆ છે અને દોઆ કરવું ઇબાદતમાં શુમાર છે."**

**તશ્રીહ :** અહલે બૈત (અ.સ.) થી રિવાયત છે કે,"જે કોઈ ચાહે કે, અલ્લાહ એના સાથે ગુફતગૂ કરે તો એ કુરઆન પઢે અને જે કોઈ ચાહે કે, એ અલ્લાહ સાથે ગુફતગૂ કરે તો દોઆ કરે." કુરઆન કરતા ઉંચો અને અઝીમ બીજો કોઈ કલામ નથી. કુરઆન પૂરેપૂરા એક દોઆની શિકલમાં છે જેમાં અંબિયા (અ.સ.) ની તમામ દોઆઓ શામિલ છે. કુરઆનના ઝરીએ અલ્લાહતઆલા ખુદ બંદાને હિદાયત આપે છે કે, દોઆ કેમ થાય અને દોઆ કરનાર થી તે કેટલો કરીબ છે. દોઆ એક તરહની ઈબાદત છે જેના વાસ્તે હમેં પૈદા કરવામાં આવેલા છે. નમાઝ ઈબાદતે અમલીમાં શુમાર છે જે કુલ્લી તૌર પર પૂરેપૂરી દોઆ છે. હર મુમિન પર વાજિબ છે કે, નમાઝે ફર્ઝ બાદ બારગાહે રબ્બાનીમાં દોઆ અને તઝર્રોઅ કરવાની આદત રાખે. **દોઆ મુમિન વાસ્તે એક બાઅસર અને મુજર્રબ હથિયાર છે જેનાથી મુમિનને ગૈબી તાકતનો એહસાસ થાય છે અને અલ્લાહ પર તવક્કુલ અને યકીનમાં ઇઝાફો થાય છે.**

અબુલ બશર મૌલાના આદમ (અ.સ.) અને મૌલાતોના હવ્વા (અ.સ.) નો આ જહાનમાં આવવાનો સબબ બનો તે વક્ત ઈન્સાનને જે તાઅલીમ આપવામાં આવી તેની ઈબ્તેદા દોઆથી થઈ. આપ બેવે સાહબોએ મગફેરત તલબ કરવા અરફાના દિન "**રબ્બના ઝલમના અન્ફોસના .......**" ની દોઆ ગુઝારી. હર નમાઝમાં સૂરતુલ ફાતેહામાં દોઆ કરીએ છીએ કે, "**એહદેનસ સિરાતલ મુસ્તકીમ**", હિદાયત આપ હમને સીધા રસ્તાની. અહલે જન્નત જે વક્ત એકબીજાથી મીલે છે તો તહીયતો તાઅઝીમમાં સલામ બોલે છે. લેહાઝા સલામ બોલવું અને તેનો જવાબ આપવો પણ દોઆ છે. અલ્લાહતઆલાથી આ જહાનની કોઈ પણ ચીઝ ઝર્રા બરાબર પણ ગાઈબ નથી તે સાથે પોતાના બંદાને આ ચીઝો હાસિલ કરવા વાસ્તે દોઆ કરવાના અહકામ નાઝિલ કીધા. ઈરશાદે સુબ્હાની થાય છે કે, "**ઉદઊની અસ્તજિબ લકુમ**", તમેં મને દોઆ કરો

હું તમને જવાબ દઈશ. આ મુજબ ફરમાવું કે, **અલ્લાહને એના બંદાની પુકાર, દોઆ, તલબ, બુકા અને કાલાવાલા પસંદ છે**; આ દોઆ ઈબાદતે ખાલેસા છે અને દોઆના કુબૂલ કરનારે ખુદ હમને દોઆ શીખાવેલી છે જે અફઝલ અને આઅલા છે.

અંબિયા અને ઔલિયા (અલયહેમુસ સલામ) એ પોતાની ઝબાને મુબારકથી જે જે દોઆઓ ગુઝારેલી છે તે તમામ કુરઆને હકીમમાં મૌજૂદ છે. આમાંથી જે જેને વાસ્તે દોઆ ખાસ કરવામાં આવી છે તે આ મુજબ છે. આમ ઈન્સાનની દોઆ, અહલે હક્ક અને તમામ અંબિયાની દોઆ, અહલે ઈમાનની દોઆ, મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની દોઆ, અક્લવાલાઓની દોઆ, ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ની દોઆ, મૌ. મરિયમ (અ.સ.) ની દોઆ, મૌ. ઝકરીયા (અ.સ.) ની દોઆ, ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ની દોઆ, અસ્હાબુલ આઅરાફની દોઆ, ખતીબુલ અંબિયા મૌ.શોઐબ (અ.સ.) ની દોઆ, મિસિરના જાદુગરો જે ઈમાન લાવા તેની દોઆ, મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની ૮ કિસ્મની દોઆ, નૂહ નજીયુલ્લાહ (અ.સ.) ની દોઆ, મૌ. હૂદ (અ.સ.), મૌ. યૂસુફ અસ-સિદ્દીક, મૌ.અય્યૂબ અને અસ્હાબે કહેફ (અ.સ.) ની દોઆ, પરહૈઝગાર નૈક બંદાઓની દોઆ, ઈબાદે સાલેહીનની દોઆ, ઈબાદુર રયહાનની દોઆ, રાહે હક્કમાં સફર કરનારની દોઆ, હિદાયતની તકમીલ અને નૂરના તમામ થાવાની દોઆ જેઓ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મદદગાર અને મુખ્લિસ મુમેનીન હતા,

મૌ.સુલૈમાન (અ.સ.) અને દાઊદ (અ.સ.) ની દોઆ, શર અને ફિત્નાથી બચવા વાસ્તેની દોઆ, જાદુતોના-ટોક-ખરાબ નઝર-ખરાબ વક્તને ટાલવાની દફાઅ કરવાની દોઆ, ઈમાનો મગફેરતની તમન્નાની દોઆ, અર્શને ઉઠાવનાર ફરિશ્તાઓની દોઆ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના તાબેઅ થાનારની દોઆ, જહન્નમવાલાઓની દોઆ, ઓલમાએ હક્ક અને તાવીલી ઈલ્મ જાણનારની દોઆ, મઝલૂમ મુમેનીનની દોઆ, મૌ.લૂત (અ.સ.) ની દોઆ પોતાની શરપસંદ કૌમથી હિફાઝત વાસ્તે, મલિકએ યમન બિલ્કીસની દોઆ, ફિરઔનના ઝૌજહ હ.આસીયાની દોઆ.

કુરઆને કરીમમાં જેટલી આયતો "**રબ્બના**" યા "**રબ્બે**" ના લફઝથી શુરૂ થાય છે એ તમામ, ઉપર ઝિક્ર થયેલા મૌઝૂઆત અને કૈફીયતમાં આવી જ જાય છે. અહલે બૈત (અ.સ.) થી મન્કૂલ જે જે દોઆઓ દાઅવતના કિતાબોમાં આવેલી છે તે અકસર કરીને નમાઝમાં યા તેને બાદ પઢાતી દોઆમાં આવી જ જાય છે. તો મુમેનીન કુરઆન પઢે યા કોઈ પણ દોઆ પઢે તો પૂરા યકીન સાથે, તહારત સાથે, રૂહાનીયત સાથે પઢે અને રોઝમર્રા પઢાતી દોઆને ઔર મુઅસ્સિર તરીકાથી પઢવા વાસ્તે "અલ-મિસ્બાહ" કિતાબનો મુતાલેઓ કરી તેનો તરજુમો જાણા પછી પઢે. અલ્લાહતઆલા મુમેનીનની હર દોઆને મકબૂલ માઅરૂફ ફરમાવે. ★

**નિસ્ફ (અડધું) :- " અત્તદબીરો નિસ્ફુલ ઐશ "**

**તરજુમો : " તદબીર કરવું અડધી ઝિંદગી છે. "**

**તશ્રીહ :** મશ્હૂર મિસાલ એ છે કે, તદબીર (કોશિશ) તકદીરને સુધારી દે છે. જદ્દો જેહદ, મેહનત અને મશક્કત અગર ઈન્સાનના ઝૈવર હોય તો ઝિંદગીની મંઝિલે મકસૂદ પરામવા વાસ્તે હર બંદ દરવાઝાના તાલા ખોલી દે છે. જે શખ્સ હાથ પર હાથ મુકી બેસી રહે તેના વાસ્તે ઝિંદગીમાં કામિયાબી યા લુત્ફ નથી. જે વક્ત પણ ઈન્સાન તદબીરના હથિયારને નાખી દે છે કે તરત જ એની અકલ અને સમઝ કમ્ઝોર પડી જાય છે, એના બદનના હિસ્સાઓ ઢીલા પડી જાય છે અને ઈન્સાન સુસ્ત તેમજ કાહિલ થઈ જાય છે. આજના ઝમાનામાં Positive Thinking હોય તો જ Optimum Result મીલે. આ જ સિલસિલામાં કિતાબોની હોડ લાગેલી છે. હાલના ટેકનોલોજી અને સેટેલાઈટ દૌરમાં ઈન્સાનના ઘરેલું કામકાજ એવા મશીનોથી થાય છે કે ઘણા વાસ્તે એનો બચેલો વક્ત કઈ જગા સર્ફ કરવો એની ઉલઝન સતાવે છે. બાઝ કારખાનેદાર ૫:૩૦ વાગે સાંજે કામકાજથી ફારિગ થઈ જાય છે અને મગરિબની નમાઝ પહેલા યા તે બાદ મસ્જિદને ઈર્દ-ગિર્દ બેકાર અને ફિઝૂલ વાતોમાં વક્ત બરબાદ કરે છે. પણ કોઈ ઠોસ તદબીરનો મન્સૂબો હોય તો એની અડધી ઝિંદગી તે પર તાઅમીલ કરવામાં જ ગુઝરી જાય.

**"A good endeavour makes a good life. ★**

**" અત્તવદ્દોદો નિસ્ફુલ અકલ "**

<u>**તરજુમો**</u> **:** <u>**ઈસ્લામ : દીને કામિલ અને તમામ**</u>

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવું છે કે, "ઈન્નદીન ઈન્દલ્લાહિલ ઈસ્લામ", અલ્લાહને નઝદીક કોઈ દીન હોય તો તે હકીકતન ઈસ્લામ જ છે. દીન નામૂસે ઈલાહી છે અને કાનૂને શરીઅત છે. અલ્લાહતઆલાએ ખુદ તેની તશકીલ - ફોર્મેશન કીધું છે તેથી તે અલ્લાહનું દીન છે અને કોઈ નુક્સ-કમી યા કે કુસૂર બગૈરનું છે. આ દીન કયામતના દિન તક આવનારી ઈન્સાની નસ્લોની હિદાયત અને અમલ વાસ્તે છે, જેના અહકામને અલ્લાહતઆલાએ ૧૮ મી ઝિલ્હજ હી.સ. ૧૦ માં ગદીરે ખુમની જગામાં "**અલ યવમા અકમલતો લકુમ દીન કુમ**" ની આયત નાઝિલ ફરમાવીને પૂરા કીધા અને ઉમ્મતે મોહંમદી તરફ પહોંચાડી દીધા. આ દિન પછી ઉમ્મત પાસે કોઈ સવાલ બાકી ન રહ્યો કે, જેનો જવાબ કુરઆને કરીમ ને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર નાઝિલ કરીને આપી ન દીધો હોય. ખુદાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને તનઝીલના સાહબ બનાવા અને આપે પયગામે ઈલાહીને મુસલમાનો તરફ હરફ-બ-હરફ પહોંચાડી દીધો કે લોગો એમ સવાલ ન કરે કે, હમારે પાસે હમારી આખેરતની ખૈર ખ્વાહી વાસ્તે આગલી ઉમ્મતો પર જે રસૂલો મોકલવામાં આવા હતા તેમ હમારા પર રસૂલ યા કે કિતાબ ઉતારવામાં નથી આવી !

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાઁચમાં નાસિખે શરીઅત-યાઅની કે ઈસા રૂહિલ્લાહ (અ.સ.) ની શરીઅતને માંજનારા છે, મીટાવનારા છે અને પાઁચમાં ઉલુલ અઝમના સાહબ છે. આપની શરીઅત આગલી તમામ શરીઅતોની જામેઅ બલ્કે કામિલ શરીઅત છે, જેમાં આજ તક કોઈ કચાસ નઝર આવી નથી, ન તો કોઈ શખ્સ તેમાં ખતા નીકાલવાની જુર્અત કરશે. શરીઅતના ફરમાનો મુજબ ફરઝો સુન્નત અને આઅમાલ હર ઝમાન વાસ્તે યકસાં છે, જેમાં તબ્દીલી, ઉંચ-નીચ, ઉમેરો-સુધારાની કોઈ ગુંજાઈશ નથી. **આ તો અલ્લાહ તઆલાની તે સુન્નત છે કે જેમાં તમે ફેર-બદલ જોશો નહીં.** તે અલ્લાહતઆલાના મિકયાસ-મેસરમેન્ટ પર મબ્ની હોય છે પણ આજના લોગો નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત અને સુન્નતે નબવીયાહના આઅમાલમાં નઊઝોબિલ્લાહ ખામખયાલી કરીને ખતા નીકાલે છે અને કહે છે કે, આ તે ખુસૂસી ઝમાના વાસ્તે જ રાઈજ હતી અને આજે આ વાતો બે-માઅના છે અને out of date થઈ ગઈ છે. વુઝૂનાં અરકાનમાં કમી, બયતુલ ખલાનાં આદાબ બજા લાવવામાં કુસૂર, મસ્જિદનો એહતેરામ કરવામાં બેરૂખી, સુન્નત-તતવ્વોઅ અને નાફેલતની નમાઝોમાં ચોરી, તહજ્જુદ-બેહુરીની નમાઝોની અદાએગીમાં ઢીલાશ, દોઆઓ-તસ્બીહો અને વઝીફાઓ પઢવામાં શિતાબી; અકીકા, ખતાનત અને રૂસૂમાતે શાદીમાં બે રાહોરવી, મીસાકો-બયઅતની પાબન્દીમાં છટકબાઝી, લિબાસ યા મકાનની પાકી-નાપાકી સાચવવામાં હલકાશ અને દીગર આઅમાલમાં ગૈર તવજ્જોહ નઝર આવે છે.

લોગો પોતાનાં દિલના ખોટા મકસદો, ફસાદદાર ખયાલાતો, બેબુનિયાદ અકીદાઓ પર દારોમદાર રાખીને પોતાના ફાવટ-સહૂલત મુજબ અને હવાનફસી-મનમાનીનાં ઝોકામાં શરીઅતને માપે છે અને આખિર ધોકો ખાઈ જાય છે અને ગુમરાહ થઈ જાય છે; અને એમ માની લે છે કે જે તે સોચે છે અને અમલ કરે છે તે જ બરાબર છે. શરીઅતનાં કદીમ-જૂના અહકામો પર ચાલવાનો કોઈ મતલબ નથી. જેવો વક્ત તેવી વાત. તે કહે છે કે બાઝ કુરઆની અહકામો નઊઝોબિલ્લાહ ફરસૂદહ અને બોસીદહ થઈ ગયા છે. **તેમાં તરમીમો તબદીલ કરવાની ઝરૂરત છે.** કોઈ કહે છે કે, વ્યાજનું લૈન-દૈન જાઈઝ છે એ શરત પર કે તે કમ હોય અને ઓછો ફાયદો હોય - કોઈ કહે છે કે, બૈવા બૈરો પર ઈદ્દતના ચાર મહીના દસ દિન પાલવા લાઝિમ નથી અને ઈદ્દતનાં આદાબ છોડીને તે કોઈ પણ જગાએ જઈ શકે છે - કોઈ શરીઅતે ગર્રાએ પર ઈલ્ઝામ મૂકે છે કે, તલાકને વક્ત ત્રણ મહીનાની ઈદ્દત જાઈઝ નથી, બૈરો હામેલા છે કે નહીં તે આજે સાયન્સી તકનીકોથી પલભરમાં ખબર પડી જાય છે; પણ યહાં કહેનારને તલાકની નઝાકતની ખબર નથી કે આ મુદ્દત રજઅત વાસ્તે છે કે જેથી આપસમાં સુલહના દરવાઝાઓ ખુલ્લા રહે છે - બાઝ કહે છે કે, રિદા-ખૈસ-બુરકોઅની ઝરૂરત નથી, બૈરોને ઢીલાઢાલા લિબાસ જ પહેરવા જોઈએ અને રિદાના તકલ્લુફથી બાઝ રહેવું જોઈએ - ચંદ લોગો કહે છે કે, ખિદમતે ખલ્ક એ જ સાચી સાદિક ઈબાદત છે, યાઅની કે ઈબાદતે ખાલિકની ઝરૂરત નથી હાલાકી ઈબાદતે ખાલિક અને ખિદમતે ખલ્ક બંને પોતાની જગા પર બરાબર છે પણ અલ્લાહની ઈબાદતને મખ્લૂકની ખિદમતમાં શુમાર કરી લેવી એ સરાસર ગલત અને નારવાઁ છે. આ મુજબના અકીદાઓ અને શરઈ ફિકરો ખયાલાતમાં ફસાદ, ખુલ્લેઆમ જહાલત અને ગુમરાહી છે. જેનું ઠેકાણું નારે જહન્નમ છે.

દુનિયાના તમામ ઈન્સાન પૈદા થાતી વક્ત ઈલ્મ અને ઈરફાનથી ખાલી હોય છે; પછી તે તાઅલીમ લે છે અને આલિમ બને છે. અલ્લાહએ ઈન્સાનને જ અક્લ અને તાઅલીમ લેવાની કુદરત બખ્શી છે જે હયવાન ને નથી. અને તમામ ઈલ્મોમાં અલ્લાહની તૌહીદ અને શરીઅતનું ઈલ્મ આઅલા અને અફઝલ છે. તમામ બંદાઓ પર અલ્લાહની માઅરેફત લાઝિમી છે. તેથી અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કિસ્સએ આદમો ઈબલીસમાં ફરમાવે છે કે, "**અય ઇન્સાન ! તું ઇબ્લીસ જેમ તાગી અને બાગી ન થઇ જા અને ખાલિકની નઝરમાં મનહૂસ અને રજીમ ન બન.**" ઈબ્લીસ પોતાની રાઈ-સોંચ અને કિયાસ-ગલત અર્થઘટન કરીને હિદાયતની રાહ પરથી ભટકી ગયો. દીનમાં કિયાસ અને ખુદની રાઈની કોઈ જગા નથી. જેઓએ આ ભૂલ કીધી તે ભટકાઈ ગયા અને રેહમતે ખુદાવંદીથી ના ઉમ્મીદ થઈ ઈબ્લીસ-શયતાનિર્રજીમ બની ગયો. તેઓએ પોતાની રાઈ કામે લગાડીને હલાલને હરામ, હરામને હલાલ, જાઈઝને નાજાઈઝ, નાજાઈઝને જાઈઝ બતાવવા લાગા અને **શરીઅતની તબાઅતને છોડીને બિદઅતની રાહ પર ગામઝન થયા.** ઈમામે હક્કને મૂકીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)એ જેને ઉમ્મતના ઈમામ બનાવા ન હતા તેને પોતાના હાદી બનાવી દીધા અને સિરાતુલ મુસ્તકીમ છોડી દીધો. અલ્લાહતઆલા મુમેનીનને હક્કના દોઆતો હોદાતના દામનમાં લઈને શરીઅતના તાબેદાર બનાવી સિરાતુલ મુસ્તકીમ પર કાઈમ દાઈમ રાખે. આમીન... ★**" આપસી મોહબ્બત અક્લનું અડધું છે. "**

**તશ્રીહ :** એકબીજા સાથે મોહબ્બત અને મૈલ-મિલાપ ઉંચુ જૌહર અને ઈકસીર નુસ્ખો છે. દીની-ઈમાની ભાઈઓ સાથે મુલાકાત કરતા રહેવું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નતે ખાસ્સામાં શુમાર થાય છે. **મોહબ્બત દિલમાં પૈદા થાય છે અને દિલ સાથે અક્લનો રાબેતો છે.** ઈન્સાનની જેવી સોચ સમઝ એવો એનો અમલ અને વહેવાર. આકિલ અને આઅલા ફિક્ર રાખનારો ઈન્સાન પોતાના હમનશીનોથી ફાયદો અને નફો હાસિલ કરવા હર વક્ત સોચતો રહે છે. ઈન્સાનની તબીઅત અને ફિતરતમાં પોતાના હમજિન્સ તરફ એક કશિશ હોય છે જેના સબબ બીજાની નઝરમાં પોતાની એહમીયત કેમ વધે એમ એ ચાહતો હોય છે. એની ફિતરતમાં એ પણ શામિલ છે કે જે જૌહર, ખાસીયત, Plus-point અને ફનકારીમાં એ પારંગત છે કે તે બીજા લોગો સાથે મુલાકાત કરા કરે જેથી લોગો એને સરાહે અને માન આપે. અલ્લાહતઆલા એ બાઝનું પૈદાઈશી જૌહર બાઝને સાથે એક સરખું પૈદા કીધું હોય છે જેના સબબ તેમના દરમિયાન એક અજબ ઈત્તેફાક પૈદા થાય છે અને નતીજતન ઝિંદગીના એક સરખા મકસદો હાસિલ કરવા તેમના દિલોમાં મોહબ્બતની તડપ જાગે છે અને આ ઉલ્ફત તે બલંદી અને ટોચ પર પહોંચે છે કે એક મુશ્તરેકા Composite અક્લનો ઝખીરો બને છે જેના સિલસિલામાં રસૂલુલ્લાહ બાવાજીને ઉપર મઝકૂર કલામ ફરમાવેલા છે. ★

**" અલ હમ્મો નિસ્ફુલ હરમ "**

**તરજુમો : " હમ-ગમ બુઢાપાનું અડધું છે. "**

**તશ્રીહ :** પુખ્તા અઝમ અને સાબિત નિય્યત, ઈન્સાની કુવત અને પોતાના પર એઅતેમાદમાં ઈઝાફો કરે છે તે મુજબ હમ-ગમ ઈન્સાનના હોસલાને પસ્ત કરી નાખે છે અને જવાની ને આહિસ્તા આહિસ્તા બુઢાપામાં તબ્દીલ કરી નાખે છે. દિલનો મઝબૂત ઈન્સાન સિનરસીદા અને બુઝુર્ગ હોય તો પણ એના ઈસ્તિકલાલ, હિમ્મત અને સબ્રની તાકતના સબબ એ જવાન જ રહે છે. બાઝ ઉમરરસીદા દોઆતે કિરામ (ક.રૂ.) એ પોતાના બયાનાતમાં અદા ફરમાવું છે કે, દાઅવતે અલવીયાહની ખિદમતમાં અલ્લાહના લુત્ફો કરમથી હમેં વરસો નીકાલા પણ હમારી ફરતો નશાત, હિમ્મત, બેખૌફી, તવક્કુલે ખુદા અને યકીને કામિલના સબબ હમેં હમારા મન્સૂબામાં પસપા થયા નથી, ઈરાદા ઢીલા પડા નથી. હમારા જિસ્મ ભલે ઝઈફ થાય, નાતવાની આવે, કમ્ઝોરીના સબબ ચાલ-ઢાલમાં લડખડાહટ આવે પણ હમારો જોશ અને ઉમ્મીદો હર વક્ત જવાન છે. કેમકે અલ્લાહતઆલાના હકીકી દોઆતે કિરામ (ક.રૂ.) ના દરજાત બલંદ છે અને તેઓ વાસ્તે કોઈ હમ-ગમ અને ખૌફ નથી.એક શાયરે અહલેબૈત (અ.સ.) કરબલાએ મોઅલ્લાના વાકેઆને એમ અદા ફરમાવે છે કે, આશુરાને દિન તમામ અસ્હાબ અને અન્સારની શહાદત પહેલા સૈયેદુશ્શોહદા મૌ.ઈમામ હુસૈન (અ.સ.) મઝલૂમે કરબલાની દાઢી અને સરે મુબારકમાં એક સફેદ બાલ ન હતો. પણ જે વક્ત કરીયલ જવાન ૧૮ સાલના અલીઅકબર (અ.સ.) ની લાશ આપે મકતલમાં ઉઠાવી તો આપને એ કદર જવાન ફરઝંદની શહાદતનો દાગ અને ગમ દિલ પર તારી થયો હતો કે, આપની દાઢીના બાલ મુબારક સફેદ થઈ ગયા હતા.

દુનિયાની મુશ્કિલો અને મસાઈબ માંથી ઔલાદની જુદાઈનો ગમ, તેની નાફરમાની, તલબે રિઝકે હલાલમાં દિક્કત અને પરેશાનીઓ, મોટા હમ-ગમ છે જેના સબબ ઈન્સાનના દિલનું ઈત્મેનાન, રાત-દિનનું ચૈન, દુનિયાની તમામ રાહતોની લઝ્ઝત ઝાઈલ થઈ જાય છે અને દુનિયા કડવી બની જાય છે. તેથી જ હિકમતના લોગોએ અને અહલે બૈત (અ.સ.) એ ફરમાવેલું છે કે, **"નૈક વાલેદૈન અને ઔલાદની નેઅમત, ફરમાઁબરદાર બૈરો, સુકૂનપીઝીર મકાન, ઔલિયાઅલ્લાહ (અ.સ.) ની મોહબ્બત અને વતનમાં રિઝકે હલાલનું મયસ્સર થાવું ઉંચામાં ઉંચી નેઅમત છે."** આની કમીબૈશી અને ઉંચનીચ ઈન્સાનને ફિક્રો અન્દોહનો શિકાર કરી દે છે અને હમ-ગમના ભઁવરમાં ધકેલી દે છે જેના બોજ તલે એક જવાન આદમી ઝઈફો કમ્ઝોર નઝર આવે છે. દીમક (ઊધઈ) જે તરહ લાકડાને અંદરથી ખાઈને તેને ખોખલું બનાવી દે છે તે તરહ હમ-ગમ જવાનીની ઈમારતની બુનિયાદને હચમચાવી દે છે. ★

## "ઝબાઁ સે હી ઈન્સાઁને પાયા જમાલ,
## હૈ શીરીં ઝબાઁ એક ગોહર બેમિસાલ."

**" અફસહુલ કલામ મા કલ્લા વ દલ્લા વલમ યમલ્લ "**

**તરજુમો :** ફસીહમાં ફસીહ કલામ તે છે જે મુખ્તસર હોય, દલીલવાલો હોય અને બીજાના દિલને ગમ-મલાલ ન પહોંચાડતો હોય.

**" જમાલુર રજોલે ફસાહતો લેસાનેહી "**

**તરજુમો :** મરદનો હુસ્નો જમાલ તેની ઝબાનની ફસાહત અને કલામની શીરીની છે.

**" અસ્સુમ્તો હિકમતુન વ કલીલુન ફાએલોહુ "**

**તરજુમો :** ચુપ રહેવું એક હિકમત છે અને તે પર અમલ કરનાર ઘણા જ કમ છે.

**" મન કફ્ફા લેસાનહુ મિન આઅરાઝિન નાસે અકાલલ્લાહો અસરતહુ યૌમલ કયામહ "**

**તરજુમો :** જે શખ્સ લોગોની બેઈઝ્ઝતી કરવાથી પોતાની ઝબાનને રોકે તો અલ્લાહતઆલા કયામતના દિન એની લગઝિશો (ઠોકરો) ને બખ્શી દે.

**" રહેમલ્લાહો ઈમ્રઅન મન અસ્લહા લેસાનહુ "**

**તરજુમો :** અલ્લાહ એ શખ્સ પર રેહમત કરજો જે એની ઝબાનને દુરસ્ત રાખે.

મુમેનીન વાસ્તે ઘણી ફઝીલતો છે. અપના અંબિયા, ઔસિયા, અઈમ્મતે તાહેરીન, દોઆતે કિરામ અને હુદૂદે રાશેદીન (સ.અ.) જે જે ઝમાનમાં આવતા ગયા તેમ તેમ મુમેનીનને કિસ્મ કિસ્મની તાઅલીમ અને હિદાયત આપતા રહ્યા. મુમેનીનની હર તરહ પર ઈસ્લાહ કરતા રહ્યા અને કમાલીયતના આઅલા મરતબાઓ પર પહોંચાવતા રહ્યા.

મુમેનીનની ઘણી ફઝીલતોમાંથી એક ફઝીલત ગુફતગૂ ની અદબ પણ છે. અને તે અદબ કઈ તરહની હોય તે સમઝી લઈએ; જાણી લઈએ. મુમિન જે આપસમાં પોતાના થી મોટા-બુઝુર્ગો, બરાબરીના હમસાયાઓ અને હમનશીનો, દોસ્તો કે અજનબીઓ સાથે ગુફતગૂ કરે તો તેનો બોલવાનો લેહજો અને અંદાઝ બેહદ શીરીં અને દિલકશ હોવા જોઈએ. બોલવાનો લહેજો નરમ હોય અને વાતોમાં લતાફત હોય તો ગુફતગૂનો અંજામ ખૈર જ થાય છે. ખુદા તઆલા કુરઆને કરીમમાં "સુરએ બકરહ" માં ફરમાવે છે કે, **"કુલૂ લિન્નાસે હુસ્નન"**, મુમિનની વાતચીતમાં સખ્તી ન હોવી જોઈએ અને અલ્ફાઝ કડવા અને દિલને ઝખ્મી કરે એવા ન નીકલવા જોઈએ.મુમિન જે શખ્સ સાથે વાતચીત કરે તો તે શખ્સનો જે કંઈ દરજો કે મરતબો હોય તેનો લેહાઝ રાખવો જોઈએ. વાતચીત અદબ સાથે અને સુકૂનથી થાવી જોઈએ. વાતચીત કરવામાં કે સાંભલવામાં બરાબર ધ્યાન રાખવું જોઈએ જેથી વાત બરાબર સમઝી શકાય.

બુઝુર્ગો સાથે નરમી અને ઈઝ્ઝત આપી તેમના મરતબા મુજબ, બરાબરીના લોગો સાથે ઈઝ્ઝતથી અને બચ્ચાઓ સાથે મોહબ્બત અને સમઝાવટથી વાત કરવી જોઈએ. હલકી અને બેમાઅના વાતોથી દૂર રહેવું જોઈએ. મુમિનની ઝબાનથી એવી વાત અદા ન થાવી જોઈએ કે જેથી કોઈના પર તાઅના કશી સાબિત થાય, કોઈની ઝિલ્લત થાય અથવા કોઈનું દિલ રંજિદા થાય; કોઈને ઓછું આવે અથવા એને નીચું જોવાનો વક્ત આવે. મુમિનની વાત અને વાત કરવાનો તરીકો એટલો ખુશનુમા અને મુબારક હોય કે, સાંભલનાર ને તસ્કીન અને ખુશીનો એહસાસ થાય અને એની ઝબાનથી **"સુબ્હાનલ્લાહ"** લફઝ બે સાખ્તા નીકલી આવે અને વાત કરનાર વાસ્તે તે દોઆઓ કરે.

નબીએ કરીમ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "મુમિન ન તો કોઈને તાઅનો દે છે, ન ઈલ્ઝામ લગાવે છે, ન બદઝબાની કરે છે, ન ઝબાઁ દરાઝી કરે છે." હજી આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **"જે શખ્સ અલ્લાહ તઆલા અને યૌમે કયામત પર યકીને કામિલ રાખે છે, તે શખ્સ જે કહે છે તે અચ્છી વાત કહે છે નહીં તો ખામોશ રહે છે."**

હારિસ બિન હશ્શામે એક વક્ત હુઝૂરે અકરમ (સ.અ.વ.વ.) ને અરઝ કીધી કે, "અય મૌલા, મને એવી કોઈ ચીઝ બતાવો કે જેનો હું બરાબર પાબંદ થઈ જાઉ". આપ (સ.અ.વ.વ.) એ પોતાની ઝબાન મુબારક તરફ ઈશારો કીધો અને ફરમાવું કે, "ઝબાનને કાબૂમાં રાખો". **જો ઝબાન પર કાબૂ અને કબ્ઝો હશે તો ઝિંદગીમાં કામિયાબ થઇ જાશો.** નબી સાહબ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "અચ્છી વાત પણ એક તરહનો સદકો છે. ખુશગવાર વાત કરનારની ગુફતાર દરમિયાન તેનું ઈલ્મ, હિલ્મ અને ખાનદાની ના આસાર દેખાશે".

બેશર્મી અને બેકારની વાતોથી ખૂબ બચવું જોઈએ. ઈન્સાફ અને સચ્ચાઈની જ હર હમેશા ગુફતગૂ થાવી જોઈએ. વાતચીત કરવામાં શિતાબી (ઉતાવલ) કરવી ન જોઈએ. આહિસ્તા આહિસ્તા ઘણા જ સાફ અલ્ફાઝમાં બોલવું જોઈએ; એ વાતનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ કે બોલનારની વાતનો સાંભલનાર શખ્સ ગલત મતલબ ન કરી બેસે. નબી સાહબ (સ.અ.વ.વ.) વાત કરતા તો એટલી આહિસ્તા આહિસ્તા વાત કરતા કે અગર કોઈ ચાહે તો આપની ઝબાન મુબારકથી અદા થયેલા અલ્ફાઝ રકમ કરી લે, યાદ કરી લે યા તે અલ્ફાઝને બીજા નઝદીક દોહરાવવામાં તેને કોઈ તકલીફ પૈશ ન આવતી.

અગર કોઈ શખ્સ મુખાતિબ થઈને કોઈ પણ વાત કરવા લાગે તો તેની વાતને ગૌરથી સમાઅત કરવી જોઈએ અને સમઝવાની કોશિશ કરવી જોઈએ. **બોલનારની વાત કાન પર લીધા બગૈર યા વાતને ઇન્સાફ આપા બગૈર એને કદી તોડી પાડવી જોઇએ નહીં.** અગર બોલનારની વાત અપને ગમે એવી ન હોય યા કોઈ સબબ સર એની વાત સાંભલવા અપને તૈયાર ન હોઈએ તો તેને ઈખ્લાસથી ચૂપ થઈ જાવા વાસ્તે કહેવું જોઈએ અને જો તે શખ્સ આનાથી બાઝ ન આવે તો તેનાથી મૂંહ ફીરાવી આગલ ચાલા જાવું જોઈએ. જો આમ ન થાય તો મામલો બીગડે અને ગુફતગૂની અદબ તૂટે; ઈન્સાફ અને સચ્ચાઈને ધક્કો પહોંચે અને ગુનાહ સરઝદ થાય.

અગર કોઈ લોગોના ગિરોહને મુખાતિબ થાય તો મજમાઅના હરએક શખ્સ ઉપર નિગાહ રહેવી જોઈએ અને ધીમેધીમે બધા જ અફરાદ તરફ ચેહરાને ફીરાવવો જોઈએ જેથી બધા જ વાતને સાંભલી અને સમઝી શકે. બોલનારની હરએક વાત મુખ્તસર, મુદ્દાસર અને ઝોરદાર અંદાઝમાં હોવી જોઈએ જેથી સમાઅત કરનારના દિલ પર બોલનારના અલ્ફાઝ મોહર કરી જાય. અને તેમાં જ હર કિસ્મની બેહતરી છે.

સૂરતુલ હોજરાતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"તમેં નબી સાહેબ (સ.અ.વ.વ.) ના સામે ચીખી-ચીલ્લાઇને વાત ન કરો મગર આહિસ્તા અદબથી વાત કરો."** બનુ તમીમના લોગો તેમ સાબિત બિન કૈસ આપ સાહેબને નઝદીક આવતા તો ઝોર-ઝોરથી પુકારતા, અય મોહંમદ, અય મોહંમદ ! આ તરહના બરતાવથી આપ સાહેબને ઘણી તકલીફ થાતી, તે વક્ત ઈલાહી ફરમાન જારી થયું કે, **"તમેં તમારા આવાઝને નબી સાહેબના આવાઝ કરતા બલંદ ન કરો."** આપ ઘણા રહેમદિલ અને કરીમ હતા તેથી જો કોઈ આપના નઝદીક ઉંચા આવાઝથી બોલતા તો આપ એના આવાઝ કરતા વધારે ઉંચા આવાઝથી જવાબ આપતા. સબબ એ હતો કે, એ શખ્સનો આવાઝ આપના આવાઝ કરતા ઉંચો હોય તો એના આઅમાલ બેકાર થઈ જાય; હવે જે લોગો નબી સાહેબના સામે ધીમા આવાઝથી આપના મરતબાનો પૂરો લેહાઝ રાખીને વાત કરતા તો એના વાસ્તે તકવા, મગફેરત અને અજરે અઝીમ છે.

તો પછી આજના ફરઝંદો-દુખ્તરોને સોચવું જોઈએ કે, ઈસ્લામી તહઝીબ મુજબ કઈ તરહ દાઅવતના મરતબાના સાહેબ યા પોતાના વાલેદૈન યા ઘરના બુઝુર્ગો સાથે ગુફતગૂ થઈ શકે. હમણા ટીવી પરની બેહૂદગી અને બેશરમીથી ભરપૂર સીરીયલો, તોછડી ઝબાનના ગૈર ઝરૂરી SMS યા e-mail, કોલેજાનો બીગડતો માહૌલ, દોસ્તો દરમિયાન ખરાબ આદતો અને ખસલતોનો માર અને કાલો સાયો મુમેનીનના નૌજવાનો પર પડી રહ્યો છે. એની અસર એ થાય છે કે, વક્ત ગુઝરતા ખયાલાતમાં તબ્દીલી આવવાના સબબ ઝબાન પર ગૈર ઈસ્લામી અલ્ફાઝનો લિબાસ ચઢી જાય છે અને પછી સમઝમાં આવતું નથી કે કયા અલ્ફાઝ કઈ જગા ઈસ્તેઅમાલ કરવા અને કોને સામે કઈ તરહ બોલવું ?

વાલેદૈનને હવે બૈદાર થાવાની ઝરૂરત છે અને પોતાના બચ્ચાને ઝબાનની તમીઝ અને અદબની શનાખ્ત કરાવે અને એ તમામ બુરી ખસલતોથી પરહૈઝ કરાવે જે એના ખયાલાત યા ઝબાનને ખરાબ કરવાનો સબબ બને છે. જો કોઈ શખ્સ ફરઝના બધા આઅમાલને અદા કરતો હોય પણ ઈમાનની હકીકતોને ન પહેચાને તો એના આઅમાલ કાચા છે. તો અય બિરાદરો, ઈમાનની હકીકતોમાંથી એ પણ છે કે, **"તમેં ગુસ્સાને કાબૂમાં રાખો અને ઝબાનને બંધ રાખો યાઅની ગૈરઝરૂરી અલ્ફાઝ ન બોલો"**. જો કંઈ બોલો તો મીઠા, નરમ અને બીજાને ફાયદો કરનારા બોલ બોલો. ★

## હસદની આગ

**"અલ-હસદો રાસો કુલ્લે ખતીઅતિન."**

હસદ તમામ ખાતાઓનું માથું છે.

**"અલ-હસદો યાઅકોલુલ જસદે કમન નારો યાઅકોલુલ હતબ."**

હસદ જિસ્મને ખાઈ જાય છે, જેમ આગ લાકડાને ખાઈ જાય છે.

રસૂલે પાક (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"અલ-કિબરો વલ હસદો વલ હિરસો ઉમ્મહાતુલ ખબાઇસ"** યાઅની કે તકબ્બુરી, હસદ અને હિરસ તમામ ખબાસત, નાપાકી, બદી, શર યા શયતાની અમલની માઁ છે. હસદ યાઅની બદખ્વાહી, બીજાના સુખ-ચૈનને જોઈને દિલમાં ને દિલમાં બલવું, બુગ્ઝ-કીનો રાખવો, કઈ તરહ બીજાનું ખરાબ થાય તે સોચવું. હસદ કરનારની તબીઅત એ મુજબ થઈ જાય છે કે, બીજાનું ખરાબ કરવા જાતા પોતાનું જ દિલી સુકૂન ખોઈ બેસે છે. મોહબ્બત અને ઈખ્લાસનું નામો નિશાન એની ઝિંદગીથી મીટી જાય છે અને એના હર અમલ બલેલા કપડા જેમ કમ્ઝોર અને બેકાર થઈ જાય છે.

અલ્લાહતઆલા પોતાના કલામમાં ઈરશાદ ફરમાવે છે કે, "શું તે મુનાફિકો, લોગો પર હસદ કરે છે, અલ્લાહએ (તે લોગો) ને જે ફઝલ બખ્શો છે તેના ઉપર; તો બેશક હમેં

ઈબ્રાહીમની આલ (ઔલાદ) ને કિતાબ અને હિકમત આપી ચુકા છે અને તેઓને મોટું મુલ્ક આપુ છું." આ આયતથી સાફ અને રૌશન છે કે, અલ્લાહતઆલાએ અંબિયાએ કિરામ (અ.સ.) ને કિતાબ તેમજ હિકમતની બેશબહા દૌલતથી નવાઝેલા છે અને આ એક મુલ્કે અઝીમ છે જે યૌમે કિયામત તક દાઅવતે હક્કના ધણી અને માલિક પાસે અલ્લાહ મેહફૂઝ રાખશે. આ સબબથી જે લોગોએ અંબિયા (અ.સ.) ની દાઅવતને ઠુકરાવી અને ઈન્કારને વલગી રહ્યા તેઓ આ મુલ્કે અઝીમ જોઈને આ દુનિયામાં જ હસદની આગમાં બલે છે પણ હકીકી નારે જહન્નમનો મઝા તો તેઓને મૌત બાદ મીલનાર છે.

**પહેલામાં પહેલા હસદ ઇબ્લીસ લઇનએ મૌ. આદમ (અ.સ.) ના ઇલ્મ અને નૂર ના સબબ કીધો અને નતીજતન તે અલ્લાહના ગઝબનો શિકાર થયો, રજીમ અને મલઊન થયો.** કાબીલે પોતાના ભાઈ હાબીલ જે મન્સબે વસાયત પર કાઈમ હતા, તેમના રૂત્બા અને દરજાના સબબ હસદ કીધો અને પોતાના ભાઈના કત્લના ગુનાહે કબીરની સઝામાં ગિરફતાર થયો. આ મિસ્લ હર અંબિયા-અઈમ્મત અને દોઆતના ઝમાનમાં દાઅવતના હક્ક પરસ્તોના હાસિદો અને બાગિઝો થયા અને તે લોગોની સરકશી અને બગાવતથી સાહબે હક્કને તો નુકસાન ન કરી શકા મગર પોતાને જ તબાહી-હલાકીના દલદલમાં ધકેલી દીધા. કાફિરોના હસદ અને ખારના સબબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મક્કએ મોઅઝ્ઝેમા ને છોડી બહુકમે ખુદા મદીના તરફ હિજરત કરવી પડી. મગર ઝમાનાએ એવી કરવટ બદલી અને ઈસ્લામની શાન એટલી બલંદ થઈ કે, કાફિરો તે દીને હક્કના સાયામાં સરનિગૂં થઈને ઠંડા પડી ગયા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઈઝઝતો જલાલ સાથે જંગો જિદાલ બગૈર મક્કા પર ફત્હ હાસિલ કીધી.

**હસદ એક બદતરીન બીમારી છે, જે ઇન્સાનના હર ઇરાદાને પસ્ત અને નાકામ કરી નાખે છે.** હોદાતે એઝામ (રિ.અ.)એ આ ચીઝથી નજાત પામવા કનાઅત અને અલ્લાહતઆલા પર તવક્કુલ રાખવાનો ઈલાજ બતાવેલો છે. આ ઈલાજને કારગર બનાવવા ઝમાનાના ઈમામની વલાયત અને માઅરેફત હોવી બિલકુલ લાઝિમ છે. હસદ એક એવી ભયાનક આગ છે જે ઈન્સાનની અચ્છાઈ અને ખૂબીઓને રાખ કરી દે છે. જહન્નમની આગ કરતા ઝિયાદહ નુકસાનદેહ હસદની આગ છે. હસદ દિલને તંગ કરી દે છે અને ઝમીરને મારી નાખે છે; આ બીમારીથી ઈન્સાન બીજાને શકની નિગાહથી જોઈ છે અને બીજા ઉપર ભરોસો કરવું મુકી દે છે.

હાદીએ આઅઝમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, "હસદ અને અદાવત આગલા અંબિયા (અ.સ.) ના નાફરમાન લોગોની બિદઅત અને ખરાબી છે જેનું અસલ આજના દૌરના લોગોની તબીઅતમાં ગેહરાઈથી પૈવસ્ત થઈ ગયું છે. **હસદ કુફ્રનો સાથી છે. બાતિલ-પરસ્તોનો દોસ્ત છે; હક્કનો દુશ્મને ખાસ છે.**" સાહબે હક્કને ખિલાફ આજ તક જેટલી જંગ થઈ તે હસદનો નતીજો હતો અને તે હસદ જ છે જે એક મોહઝ્ઝબ અને તરક્કીયાફતા કૌમમાં નાઈત્તેફાકી અને તફરીક પૈદા કરે છે; અહલો અકરૂબાથી દૂર કરી દે છે, દોસ્તોમાં જુદાઈની તીરાડ વાકેઅ કરે છે અને આખિરકાર ઈન્સાનને તને તન્હા કરી ખુદની ઝાતમાં જ એક કૈદી બનાવી દે છે. અલ્લાહતઆલા હમને આ શયતાની શરથી બચાવે.

એક શખ્સ ઈબ્લીસને તલબ કરતો હતો. જે વક્ત ચાહે તે વક્ત ઈબ્લીસ થી મીલતો હતો અને વાત-ચીત કરતો હતો અને એની જે હાજત હોય એને ઈબ્લીસ પુરી કરતો હતો. એક વક્ત એના નઝદીક એક મરદ આવો અને કહ્યું કે, મને ઈબ્લીસથી મીલાવી આપ, મને એનાથી કામ લેવું છે. તે શખ્સએ કહ્યું કે, મગરિબના વક્ત આવજે. તે મરદ આપેલા વક્ત પર આવો અને પછી તે શખ્સ મરદને કહેવા લાગો કે, ફલાની જગા પર જા અને તે જગા પર એક ગોલ ચક્કર પાડજે અને તે ચક્કરમાં તું બેસજે, તે બાદ આ મુજબ બોલજે; તે કલામો તે શખ્સે પેલા મરદને શીખાવા અને સુરમો પણ આપો અને કહ્યું કે, **આ સુરમો તારી આંખમાં આંજ જે તે બાદ તુંને ઇબ્લીસનું લશ્કર અને એના શયાતીન નઝર આવશે.** એ તમામ તુંને બોલાવે તો એનાથી બોલીશ નહી અને નઝદીક તલબ કરે તો જઈશ નહી. તે બાદ ઈબ્લીસ અર્શ પર આવશે. તે અર્શને એના શયાતીનો એ ઉઠાવું હશે, તે વક્ત તું એનાથી નઝદીક થાજે અને મારો આ કાગઝ આપજે. આ કાગઝ વાંચીને એ તને સવાલ કરશે. તે વક્ત તારી જે હાજત હોય તે માંગજે.

તે શખ્સના કહ્યા મુજબ તે મરદે એ અમલ કીધો અને ઈબ્લીસ અર્શ પર આવો અને તે કાગઝ વાંચીને ઈબ્લીસે કહ્યું કે, તારી શું હાજત છે ? તે મરદે કહ્યું કે, (૧) મારા કાકાનો દીકરો ઘણી દૌલત અને ઘણી નેઅમતનો ધણી છે. તેની દૌલતને બરબાદ કરીને એને ઝલીલ કરી નાખ. ઈબ્લીસે કહ્યું કે, મેં એના દિલ પર એવું કરી દઉં કે એ તારા ઉપર એહસાન કરે. (૨) તે મરદે કહ્યું કે, એ મારા પર પહેલેથી જ એહસાન કરે છે. ઈબ્લીસે કહ્યું કે, એને એવું કરી દઉં કે, તે કરતા ઝિયાદહ તારા ઉપર એહસાન કરે. (૩) તે મરદે કહ્યું કે, મારા ઉપર મારી ખુશી અને મરઝી મુતાબિક ઘણું એહસાન કરે છે. ઈબ્લીસે કહ્યું કે, એને એવુ કરી દઉં કે, તારો હાલ બદલી નાખે અને તુને તવંગર કરી દે. (૪) તે મરદે કહ્યું કે, તેને મારી હાલત બદલીને તવંગરની મિસાલ બનાવી દીધો છે. ઈબ્લીસે કહ્યું કે, એને એવું કરી દઉં કે, એની કુલ દૌલત અને નેઅમતમાં તુંને શરીક કરે અને તારી રાય અને મરઝીના સિવાય કોઈ કામ ન કરે. (૫) તે મરદે કહ્યું કે, તેએ મને મુખ્તાર કરી દીધો છે. મેં જેમ ચાહું છું તેમ દૌલતને ખર્ચ કરૂં અને વાપરું છું બલ્કે એના કરતા મેં ઝિયાદહ ઈખ્તેયાર રાખું છું. મારી તો એ જ ગરઝ છે કે, એની દૌલતને તું ફના કરે અને મોહતાજો ઝલીલ કરે. તે વક્ત ઈબ્લીસે એના શયતાનોને ખિતાબ કરીને કહ્યું કે, કુલ બની આદમ એક ઝબાનથી એમ કહે છે ને કે, **ખુદાતઆલાની તમામ મખ્લૂક કરતા મેં ખરાબ (બદ) છું !** સઘલા એ જવાબ કીધો કે, હાઁ. ઈબ્લીસે કહ્યું કે, એ સઘલાના કેહવા મુજબ આ મરદ મારા કરતા ઘણો જ બદ છે કે મારા કરતા એનો હસદ ઘણો જ વધી ગયો છે. એટલું કહીને ઈબ્લીસ પોતાનું લશ્કર લઈને ત્યાંથી ચાલો ગયો.

અય લોગો જોવ ! આ હસદનો નતીજો છે કે, દુશ્મનો-બદ્દીનો એ હસદના સબબ શું-શું કામો કીધા છે જેથી આલે નબી (સ.અ.) પર એવા ઝુલ્મો સિતમથી પૈશ આવા કે, આસ્માન અને ઝમીન લરઝી ગયા અને આખિર સઘલા મલઊનોએ જહન્નમના રસ્તા લીધા છે. ખુદાતઆલા આલે નબી (સ.અ.) પર સલવાત પઢજો અને એના દુશ્મનોને લાઅનત કરજો. ★

## <u>-: સબ્ર :- એક અઝીમુશ્શાન ખુલક-આદતે કરીમા છે.</u>

**" અસ-સબરો રાસુલ ઇમાન. "**

સબર ઈમાનનું માથું છે.

**" અસ-સબરો મિફ્તાહુલ જિનાન. "**

સબર જન્નતની ચાવી છે.

હર ચીઝમાં સબ્ર કરવો ઈમાનદારોનો પૈશો-શૈવો છે અને પરહેઝગારો વાસ્તે એક લાકીમત ખઝાનો છે. સબ્ર મઝહબે ઈસ્લામનો નાઝ છે અને ઈમાનનું માથું છે. સબ્ર ઘણી ખરાબીઓ અને બુરાઈઓ વાસ્તે ઢાલનું કામ કરે છે. સબ્ર કરનારને સાથે જેમ અલ્લાહની રેહમત શરીકે હાલ હશે તેમ શયતાની વસવસો તેનાથી કોસો દૂર હશે. કુરઆને હકીમમાં ૭૦ થી પણ ઝિયાદહ મકામાત પર સબ્ર અને સબ્ર કરનારની ફઝીલતની ઝિક્ર છે. વધામણી અને ખુશખબરી છે. સબ્ર કરનારાઓને જે વક્ત તેઓ પર મુસીબત આવી પડે છે, તંગદસ્તી અને ઝમાનાની સખ્તીમાં ગિરફતાર થઈ જાય છે તો તેઓ કહે છે કે, હમેં તો અલ્લાહના જ છે અને અલ્લાહ તરફ જ હમારૂં પલટવાનું છે." યાઅની કે, અલ્લાહતઆલા સબ્ર કરનારનો માલિક અને ખાલિક છે અને તેઓ ખુદ ફના થાનાર અને ગુઝરી જાનાર છે. **અલ્લાહ હર શખ્સની આ દુનિયામાં આઝમાઇશ અને ઇમ્તેહાન લે છે અને તેમાં જે સબ્ર કરીને, અલ્લાહની કઝા અને કુદરતનો ઇકરાર કરીને કામિયાબ થાય તે જ સાચો સાબિર અને શાકિર છે.** આ જ ફઝીલતના સબબ અલ્લાહતઆલા સાબિર ને આઅલા મરતબા અને બલંદ દરજા ઈનાયત કરે છે.

હકીકતમાં સબ્ર એક એવું જૌહર છે જે ઈન્સાનને હયવાની સિફતથી મુમ્તાઝ બનાવી દે છે અને જેથી ઈન્સાન પોતાની નફસ પર પૂરો કાબૂ અને કબઝો જમાવી શકે છે. સબ્રની મુખ્તલિફ કિસમો છે યા એમ પણ કહી શકાય કે, જે ચીઝોને મુખ્તલિફ હાલાતમાં સબ્રના નામથી નિસ્બત આપવામાં આવે છે તેના નામો નીચે મુજબ છે :

(૧) અગર પેટ અને શરમગાહોની ખ્વાહેશાતને કાબૂ કરવા પર સબ્ર કરવામાં આવે તો એને **"ઇફ્ફત"** કહેવાય. યાઅની પારસાઈ યા પાક દામની.
(૨) જો મુસીબત પર સબ્ર કરવામાં આવે તો એને "સબ્ર" જ કહેવાય અને આનાથી ખિલાફ **"જઝાઅ-ફઝાઅ"** કહેવાય રોવું-પીટવું યા શિકવા-શિકાયત કરવી.
(૩) અગર માલો દૌલતની ઝિયાદતી પર સબ્ર કરવામાં આવે તો એને **"ઝબ્તે નફસ"** કહેવાય યાઅની નફસની હિફાઝત. આનાથી ઉલટું વેહશી, ઘમંડી અને છિછોરા હોવું કહેવાય.
(૪) અગર મૈદાને જંગમાં યા જેહાદે દીન જેવા જાનલેવા તેમજ હલાકતવાલા હાલાતમાં સબ્ર કરવામાં આવે તો એને **"શુજાઅત"** કહેવાય અને આનાથી ખિલાફ **"બુઝદિલી"** અને **"કાયરતા"** કહેવાય.
(૫) એવો મૌકો જેમાં ગુસ્સા અને ગઝબ કરવાને બદલે સબ્રથી કામ લેવામાં આવે તો એને **"હિલ્મ"** યા નરમદિલી કહેવાય.
(૬) જો ઝમાનાના હાદેસાત અને હાલાત પર સબ્ર કરવામાં આવે તો એને **"કુશાદાદિલી"** કહેવાય અને આનાથી ખિલાફ બેકરારી અને તંગદિલી કહેવાય.
(૭) બીજાના રાઝને પોશીદાહ રાખવા પર સબ્ર કરવામાં આવે તો એને **"વફાદારી"** અને અમાનતદારી કહેવાય. અને આનાથી મુખાલિફ સિફત દગાબાઝી અને ધોકેબાઝી ની છે.
(૮) અગર ઝિંદગી ગુઝારવાના અસ્બાબના હોવા પર સબ્ર કરવામાં આવે તો એને **"કનાઅત"** કહેવાય યાઅની કે, જે મોહય્યા હોય તેનાથી રાઝી રહેવું, ખુશ રહેવું.
(૯) અગર ઘરમાં તમામ ઐશો આરામ અને રાહતની ચીઝો હાઝિર હોય અને તેના મોહતાજ થાવાને બદલે સબ્ર કરવામાં આવે તો એને **"ઝોહદ"** કહેવાય યાઅની પરહૈઝગારી અને તકવા.

અલ્લાહતઆલાએ હમને એવા અંબિયા, અઈમ્મત અને દોઆત (સલવાતુલ્લાહે અલયહિમ) અતા કીધા છે જે હકીકતન સબ્રના દરિયા છે. આ ઔલિયાઉલ્લાહની હયાતે શરીફા હમ મુમેનીન વાસ્તે ખુશગવાર તરીકો છે અને આઅલા ખસ્લતોનો નમૂનો છે. અલ્લાહતઆલા હમને એવા જ પાકો નઝીફ ભલાઈની ખસ્લતો પર ચલાવે અને દાઅવતુલ હક્કના દામનમાં હમને રાખીને હક્કતઆલા પોતાના હક્કના સાહબ મુજબ હર દમ હમને શાકિર કરે, સાબિર કરે. ★

**અસ-સલામો કબલલ કલામ.**

**કલામ કરતા પહેલા સલામ બોલવો જોઇએ.**

"સલામ" અલ્લાહતઆલાના ૯૯ નામો માંથી એક નામ છે. અલ્લાહતઆલાએ સૂરએ હશ્રમાં સલામને મુમિનના નામ સાથે જોડેલો છે અને એની એહમીયત અને ઝરૂરીયતની તાકીદ ફરમાવેલી છે. તેથી જેમ સલામ અલ્લાહનું નામ છે તેમ મુમિનનો પણ લકબ છે; અને સલામ અલ્લાહતઆલા તેમજ મુમેનીનને દરમિયાન મોહબ્બત અને ઉલ્ફતનો ભલો અને આસાન વાસ્તો અને રસ્તો છે. તે મુમિન જ શું જે ગુફતગૂ કરતા પહેલા સલામ ન બોલે ! મસ્જિદમાં દાખિલ થાતા પહેલા સલામ ન બોલે ! ઘરમાં દાખિલ થાતા પહેલા સલામ ન બોલે ! કબ્રસ્તાનમાં દાખિલ થાતી વક્ત અને તેમાંથી નીકલા બાદ સલામ ન બોલે ! તે શખ્સ બખીલોનો શાહ છે કે, જે સલામ બોલવામાં બખીલી કરે અને તેના કરતા ઝિયાદહ બખીલ તે છે કે જેના ઉપર સલામ બોલવામાં આવે અને તેનો જવાબ ન દે. સલામ રબ્બે રહીમનો કૌલ છે અને જન્નતમાં પણ અલ્લાહતઆલા ઈમાનદારોને સલામના ઝૈરે અમાનત દાખિલ કરશે. સલામના આદાબ અલ્લાહતઆલાએ કુરઆને કરીમની સૂરતુલ અહઝાબમાં મુફસ્સલ તૌર પર બયાન ફરમાવેલા છે. સૈયેદના બદરૂલ જમાલી (ક.રૂ.) અલ-મજાલિસુલ મુસ્તનસિરીયાહમાં સલામની કિસ્મોની ઝિક્ર ફરમાવે છે, જેમાં બે ઈન્સાનોને દરમિયાનના સલામથી લઈ મસ્જિદનો સલામ, નમાઝનો સલામ, આલિમનો સલામ, વાહન પર સવાર થાનારનો સલામ, બેસેલાનો સલામ અને ઊભેલાના સલામની કૈફીયત શામિલ છે. આપ આ સલામોને ત્રણ તરહમાં તકસીમ કરે છે, પહેલો તે સલામ કે જે કોઈ પણ કલામ શુરૂ કરવામાં આવે તો ખુશગવાર તરીકાથી બોલવામાં આવે. બીજો તે સલામ કે જે સલામ બોલનારના સલામની અઝમત મુજબ જવાબમાં બોલવામાં આવે. તીસરો તે સલામ કે જે ગૈર ઈસ્લામી શખ્સ જે સલામથી કલામની શરૂઆત કરતા નથી પણ જો એ મુમિનને સલામ કરે તો એને ફક્ત "અલયકુમ" કહીને વાલવામાં આવે. સલામની આ એહમીયતને અગર અક્લો ઝહેનમાં લઈએ તો માઅલૂમ થાય છે કે, આજના business world માં લોગો hi, hello, how are you, how do you do, good morning, good day, excuse me, don't mind જેવા અંગ્રેઝી અલ્ફાઝ અને જુમ્લાઓ હર વક્ત ઓફિસોમાં ઈસ્તેઅમાલ કરવા પર તાકીદ મુકે છે અને ".......Will you please......." ઘણી મરતબા બિલાશુમાર ઝબાનથી અદા કરાય છે અને પોતાની ગુફતગૂમાં આ મુજબના જુમ્લાઓ બોલે તે શખ્સને well-cultured અને well-disciplined કહેવામાં આવે છે. તો ભલા! દીને ઈસ્લામમાં સલામ બોલીને બીજાની અમનો અમાન અને સલામતીની ખ્વાહિશ જે અલ્ફાઝથી અદા થાય છે, તે પાક અલ્ફાઝની એહમીયત કેમ સમઝાતી નથી એ જ સમઝવું અમરે મુશ્કિલ છે. દાઅવતના ઔલિયાઉલ્લાહના નસીહતના સલામોમાં મન્કૂલ છે કે, સામેવાલા ઉપર સલામ બોલવાથી એ તમારા સાથે ગુફતગૂ કરવા મજબૂર થઈ જાય છે અને દિલથી યા કરાહીયતથી તેને સલામનો જવાબ આપવો લાઝિમ બની જાય છે. આ જ એક સલામનો કરિશ્મો છે.

કુરઆને કરીમનું દિલ "યાસીન" છે અને યાસીનનું દિલ "સલામુન કૌલમ મિર રબ્બિલ રહીમ" છે. યાઅની આ કલામમાં સમઝો કુરઆનની જાન છે, જેનો મતલબ છે "સલામ જે બોલવામાં આવશે મહેરબાન પાલનહાર તરફથી." જે શખ્સને દિલની બિમારી હોય તેને ઉપર વાજિબ છે કે આ આયતની રોઝ ૪૦ મરતબા તિલાવત કરે અને જો બની શકે તો જે પણ વક્ત તેને મીલે તેમાં આ આયતે શરીફા પઢા કરે, ઝરૂર અલ્લાહતઆલા તેની બિમારીમાં શિફા બખશશે.

સલામ કરવું રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની સુન્નતે મુઅક્કેદામાંથી એક છે. સાહેબે દાઅવત હોય કે એક આમ મુમિન હોય, ઈમાનદાર ની સીરતમાં ઝોરથી સલામ બોલવાની આદત હોવી જોઈએ. અલ્લાહના ફરિશ્તા સલામ બોલનાર તેમજ તેનો જવાબ દેનાર બેવે ઉપર સલવાતો સલામ પઢી રહેમત કરે છે. જે શખ્સના ઝબાનથી સલામ બોલવું બંધ થાય છે તો તેની સીરત અને અખ્લાકમાં બિગાડ દાખિલ થાય છે અને અલ્લાહની દાઅવત અને દીનના મરતબાના સાહબ પર જે વક્ત કોઈ શખ્સ સલામ બોલવું બંધ કરે તો ત્યાંથી અલ્લાહના દાઈ અને દાઅવતુલ હક્ક તરફની અદાવત અને નિફાકની શરૂઆત થાય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની ઝબાને મુબારકથી ફરમાવે છે કે, "અગર તમેં અલ્લાહથી મોહબ્બત કરતા હોવ તો મારી ઈત્તેબાઅ કરો, હું જેમ કહું છું તેમ કરો, તો અલ્લાહ તમારાથી મોહબ્બત કરશે." હવે જે નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ના ઈઝહારે સલામના ફરમાનને પીઠ પાછલ નાંખી દે તો તે શખ્સ કેવો કહેવાય ?

ઝમાનએ હાલમાં કલાસીસ ચાલે છે જેમાં Interview કેમ આપવો, મોટા Officer સાથે વાતચીત કેમ કરવી, Presentation કેમ કરવું, ક્યા Etiquettee નો ખયાલ કરવો વગૈરાની તાઅલીમ આપવામાં આવે છે મગર અલ્લાહતઆલા એ હમને ઈમાનની નેઅમતથી નવાઝીને આ તમામ અખ્લાકી તેહઝીબ અને ગુફતગૂના આદાબ હમારા ખૂનમાં મુકેલા છે. મૌલા અલી (અ.સ.) ના આશિકની ઝબાનથી સલામના કલામ નીકલા નથી અને એનું કામ પાર થયું નથી. ★

**" દિલમેં ઉલ્ફતકે ગુલિસ્તાઁ કો ખિલાતા હૈ સલામ,**
**કામ હો મુશ્કિલ મગર આસાઁ બનાતા હૈ સલામ. "**